આજીવિક ધર્મ
પુનઃ ઉત્થારક

ॐ®

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

ઉૅંકાર સંપ્રદાય

ધાર્મિક – આધ્યાત્મિક પથ

RNI No.: GUJGUJ/2015/65690
વર્ષઃ ૧૨ |અંકઃ ૪| ઓકટોબર - ૨૦૨૬
કિંમતઃ ૧૦/-





પ.પૂ.સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીની પાવન નિશ્રામાં

કાળીચૌદશની મહારક્ષા મહાસાધના અને ૐ શ્રી ધનલક્ષ્મીકુબેર મહાસાધના

કાળીચૌદશનો દિવસ એટલે આધ્યાત્મિક શક્તિ પ્રગટાવવાનો દિવસ તેમજ સ્વયંની અને પરિવારજનોની રક્ષા આખા વર્ષ દરમ્યાન થાય એની રક્ષા કરવાનો દિવસ. આપ ભક્તજનોએ કાળીચૌદશની સાધનામાં જોડાવા માટે આપેલા **મોબાઈલ નંબર: 9429208997** ઉપર સત્વરે આપના ને આપના પરીવારજનોના નામ લખાવી દેવા.

શુભ તારીખ

૦૭ - ૧૧ - ૨૦૨૬
શનિવાર

શુભ સમય

સાંજે ૪ થી ૬ કલાકે

શુભ સ્થળ

અન્નપૂર્ણા હોલ,

આંગીફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ

ખાસ નોંધ:

1. કાળીચૌદશની સાધનામાં પુરુષોએ સફેદ ઝભ્ભો લેંઘો અને બહેનોએ લીલા વસ્ત્રો ધારણ કરવા.
2. મહાપ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

સંપર્ક સૂત્ર: 9429208997

॥ ૐ નમઃ ॥

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

ॐकार संप्रदाय

માસિક મેગેઝીન (પત્રિકા)

સ્થાપક

ॐકાર સંપ્રદાયના આર્ષદૃષ્ટા અને સ્થાપક
જગતગુરુ મંત્રયુગપરિવર્તક ॐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ॐઋષિ સ્વામી

તંત્રી કિંજલભાઈ શાહ

સહતંત્રી મિહિરભાઈ શાહ

સંપર્કસૂત્ર

ॐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ
સેવા સમર્પણ ફાઉન્ડેશન
Trust Reg. No.: E/18590/Ahmedabad
Under 80-G Tax Free (5313/09-10)

ॐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
Trust Reg. No.: E/20646/Ahmedabad

સદ્‌ગુરુ ॐઋષિ સ્વામી ચેરીટેબલ ટ્રસ્ટ
(Trust Reg. No. E/23428/Ahmedabad
CSR No: CSR00045126 | 80G: ABDTS5377GF20221)

૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર , આંગી એપાર્ટમેન્ટ,
અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ ની સામે,
નવા વિકાસ ગૃહ રોડ, પાલડી,
અમદાવાદ - ૩૮૦૦૦૭.

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

મોબાઈલ નંબર - ૮૭૫૮૯૯૯૨૯૭,
૯૪૨૯૨૦૮૯૯૭, ૯૩૭૬૩૩૪૨૮૯

મુદ્રક

પ્રિન્ટ વિઝન પ્રા. લી.
આંબાવાડી બજાર, અમદાવાદ - ૬
ફોન નં - (૦૭૯) ૨૬૪૦૫૨૦૦

ઓક્ટોબર-૨૦૨૬ | પાના નં: ૨૪
વર્ષ: ૧૨ | અંક: ૪
કિંમત રૂ.: ૧૦/-

તંત્રી સ્થાનેથી...



પ્રિય ભક્તજનો,

ॐકાર સંપ્રદાય મેગિઝિનના માધ્યમથી વાદત ભાષાના મંત્રોની આ બ્રહ્માંડમાં પ્રથમ વખત દિવ્ય અને તેજોમય રચના કરનાર પરમ પૂજ્ય સદ્‌ગુરુ ॐઋષિ સ્વામી આવી જ રીતે આપનું માર્ગદર્શન કરતા રહે એવી ઈચ્છા સૌ ભક્તજનોની છે. આવનારા ટૂંક સમયમાં ॐકાર સંપ્રદાય મેગેઝિનમાં ભક્તોના અનુભવો, સત્ય ઘટનાઓ, ઘણાં એવા દિવ્ય સંતોની વાતો જેમના દિવ્ય જ્ઞાનની લોકો સુધી વાત ગઈ નથી એની શરૂઆત ॐકાર સંપ્રદાય મેગેઝિનમાં થશે.

છેલ્લા ૨૫ વર્ષથી કાળીચૌદશની મહાસાધના પરમ પૂજ્ય ગુરુજીની પાવનનિશ્રામાં યોજાય છે. આ વર્ષે પણ ૭ નવેમ્બર, ૨૦૨૬ના રોજ આ સાધનાનું આયોજન કરવામાં આવેલ છે. પરમ પૂજ્ય ગુરુજીની એવી ભાવના છે કે દરેક ભક્ત મહિનામાં એક વખત ॐકારધામ તીર્થમાં પ્રતિષ્ઠિત શ્રી ક્ષેત્રપાળવીરના દર્શનાર્થે જાય અને પોતાનું જીવન ધન્ય બનાવે.

આ સાથે હું અહીંયા પરમ પૂજ્ય ગુરુદેવ દ્વારા રચિત ગઝલ સંગ્રહમાંથી એક ગઝલ પ્રસ્તુત કરી રહ્યો છું.

વિવાદ

જે કોઈ પણ વાતથી સમજાય નહીં,
એમની સાથે વિવાદો થાય નહીં.

હોય જે કહેવાની કેવળ કાનમાં,
વાત એ જાહેરમાં ચર્ચાય નહીં.

હેત છોને હૈયું ઓગાળી કરો,
અપ્સરા આરસની કે શરમાય નહીં.

સત્વશીલ હો ભાવનાઓ જેમની,
એમની વચ્ચે અહમ અથડાય નહીં.

હોં મગજમાં ઓમ નો રણકાર તો,
તો વિચારો જ્યાંને ત્યાં અથડાય નહીં.

ગુરુજીના આશીર્વાદ સદાય આપ સૌ પર રહે એવી એમના ચરણોમાં અભ્યર્થના સાથે મારી વાતને અહીં વિરામ આપુ છું.

તંત્રી, કિંજલભાઈ શાહ

॥ ॐ નમઃ ॥



દીપાવલી મહાપર્વમાં મહાપૂજન માટેની વિધિ

ધનતેરસની પૂજાવિધિ :

ધનતેરસના દિવસે સર્વપ્રથમ બે બાજઠ પર જુદા-જુદા લાલ કપડા પાથરવા. ત્યારબાદ આપણા જમણા હાથના બાજઠ ઉપર ઘઉં પાથરવા અને બીજા બાજઠ ઉપર ચોખા પાથરવા. ઘઉંવાળા બાજઠ ઉપર ભગવાન શ્રી ગણેશની સ્થાપના કરવી અને ચોખાવાળા બાજઠ ઉપર માતા શ્રી શુભલક્ષ્મીદેવીનો ફોટો અથવા મૂર્તિ તેમજ પાંચ રૂપિયાના સિક્કાની સ્થાપના કરી ત્રણ ફળ, સૂકોમેવો, સાકર અને કોપરાની કાચલી મુકવી. ભગવાન શ્રી ગણેશના સ્થાપન પર ભગવાન શ્રી ગણેશનો ફોટો, સવા કિલો ગોળ, ત્રણ ફળ અને યથાશક્તિ સૂકોમેવો નૈવેદ્ય માટે મુકવો. પછી દીવો અને અગરબત્તી (ધૂપ) કરીને એ સ્થાપન સામે આસન પર બેસીને પૂજાની તૈયારી કરવી. જેમાં એક-એક વાડકીમાં કંકુ-ચંદન પલાળવા. એક વાડકીમાં ચોખા લેવા, એક નાડાછડીની દડી, કપૂર, જનોઇ અને અત્તર તેમજ પુષ્પ(ફૂલ) લેવા અને તમારી આગળ એક થાળી લેવી, સાથે જ એક કળશ અને વાડકીમાં પૂજા માટે પાણી અને એક વાડકીમાં પંચામૃત લેવું. તમારી આગળ રાખેલ થાળીની જમણી બાજુ પાણીની વાડકી ચમચી સાથે મુકવી અને ડાબી બાજુ પંચામૃત મુકવું.

ત્યારપછી સર્વપ્રથમ બે હાથ જોડીને નમસ્કાર કરવા અને પોતાના ઉપર જળ(પાણી) નો છંટકાવ કરવો અને ત્રણ વખત જમણા હાથની હથેળીમાં પાણી લઇને પી જવું. પછી પોતાના કપાળ ઉપર કંકુનું તિલક કરવું અને જમણા હાથે નાડાછડી બાંધવી. ત્યારબાદ હાથમાં પુષ્પ(ફૂલ) લઇને કુળદેવી અને ભગવાન શ્રી ગણેશને વંદન કરવા અને પુષ્પ ભગવાન શ્રી ગણેશના ચરણોમાં અર્પણ કરી દેવા. ત્યારબાદ નમસ્કાર કરીને દીવાને પગે લાગવું. ત્યારબાદ બે દાણા ચોખા ભગવાન શ્રી ગણેશ ઉપર ચઢાવવા અને ફરી હાથમાં પુષ્પ રાખીને ધનસ્વરૂપ માતા શ્રી શુભલક્ષ્મીદેવીને વંદન કરવા અને પુષ્પ માતાજીના ચરણોમાં અર્પણ કરી દેવા અને બે દાણા ચોખા ચઢાવવા. એ પછી ભગવાન શ્રી ગણેશ અને પાંચ રૂપિયાના સિક્કા થાળીમાં લેવા, પછી બધા દેવ ઉપર ત્રણ-ત્રણ ચમચી પાણી અને પાંચ-પાંચ ચમચી પંચામૃત ચઢાવવું ત્યારબાદ એક પુષ્પ ભગવાનની ઉપર (થાળીમાં) ચઢાવીને નમસ્કાર કરવા અને પછી કળશ લઇને બધા દેવો ઉપર જળની ધારા કરવી અને મનમાં "॥ ઉઁ ધનિતા લક્ષ્મીદેવી નમઃ ॥" નો ૩૬ વખત જાપ કરીને બધા દેવ-દેવીને વારાફરતી સ્નાન કરાવીને સ્વચ્છ વસ્ત્ર(કપડાં) દ્વારા લૂછીને પાછા સ્થાપનમાં મુકવા. ત્યારબાદ એક ફૂલમાં અત્તર લઇને બધા દેવ-દેવીને ચઢાવવું. ચંદન અને કંકુના તિલક કરીને ચોખા ચઢાવવા અને એકવાર ઉઁઋષિ રચિત 'ઉઁકાર ચાલીસા' અને 'શ્રી નવદુર્ગા ચાલીસા'નો પાઠ કરવો.

મંત્રઃ ॥ ઉઁ ધનસ્ય ધનસ્ય લક્ષ્મીદેવી ત્રતા નમઃ ॥

ઉત્થાપનની રીત : બીજા દિવસે સવારે ૭ થી ૧૦ માં ચોખા વધાવીને આ વિધિ (સ્થાપન) નું ઉત્થાપન કરવું.

કાળી ચૌદશની પૂજાવિધિ :



સૌપ્રથમ એક લાકડાના બાજઠ કે પાટલા ઉપર પીળા કલરનું કપડું પાથરીને તેના ઉપર લોખંડનો ટુકડો મુકવો. સ્થાપન રાત્રે ૮ થી ૧૨માં કરવું. ત્યારબાદ સ્થાપન સામે આસન પર બેસીને નીચે આપેલા મંત્રનો ૩૬ વખત જાપ કરવો અને એકવાર ઉઁઋષિ રચિત 'ઉઁકાર ચાલીસા' અને 'શ્રી નવદુર્ગા ચાલીસા'નો પાઠ કરવો. બીજા દિવસે સ્થાપનનું ઉત્થાપન કરી લેવું અને સ્થાપનમાં મુકેલી વસ્તુઓ પીળા કપડામાં બાંધીને નદીમાં પધરાવી દેવી.

મંત્રઃ ॥ ઉઁ દશમહાવિધા દશાદેવી ત્રતા નમઃ ॥

॥ ઉઁ નમઃ ॥

દિવાળી-ચોપડાપૂજનની પૂજાવિધિ :



સર્વપ્રથમ બે બાજઠ લેવા. એમાંથી એક બાજઠ ઉપર લાલ કાપડ પાથરીને પોતાની આગળ જમણી બાજુ મુકવું અને બીજા બાજઠ ઉપર સફેદ કાપડ પાથરીને પહેલા બાજઠ પાસે ડાબી બાજુમાં મુકવું. ત્યારબાદ લાલ કપડાવાળા બાજઠ ઉપર ઘઉં પાથરીને ભગવાન શ્રી ગણેશના ફોટા કે મૂર્તિનું સ્થાપન કરવું. સફેદ કપડાવાળા બાજઠ ઉપર ચોખા પાથરી માતા શ્રી શુભલક્ષ્મીદેવીનો ફોટો અથવા મૂર્તિનું સ્થાપન તથા માતા શ્રી શારદાદેવી(ચોપડા)નું સ્થાપન કરવું. ભગવાન શ્રી ગણેશના સ્થાપન પર સવા કિલો ગોળ, ત્રણ ફળ અને યથાશક્તિ સૂકોમેવો નૈવેદ્ય માટે મુકવો. માતા શ્રી શુભલક્ષ્મીદેવીના સ્થાપનમાં પાંચ ફળ, સૂકો મેવો, સાકર અને મીઠાઇ મુકવી. પછી દીવો અને અગરબત્તી (ધૂપ) કરીને એ સ્થાપન સામે આસન પર બેસીને પૂજાની તૈયારી કરવી. જેમાં એક-એક વાડકીમાં કંકુ-ચંદન પલાળવા. એક વાડકીમાં ચોખા લેવા, અક નાડાછડીની દડી, કપૂર, જનોઇ અને અત્તર તેમજ પુષ્પ(ફૂલ) લેવા અને તમારી આગળ એક થાળી લેવી, સાથે જ એક કળશ અને વાડકીમાં પૂજા માટે પાણી અને એક વાડકીમાં પંચામૃત લેવું. તમારી આગળ રાખેલ થાળીની જમણી બાજુ પાણીની વાડકી ચમચી સાથે મુકવી અને ડાબી બાજુ પંચામૃત મુકવું.

ત્યારપછી સર્વપ્રથમ બે હાથ જોડીને નમસ્કાર કરવા અને પોતાના ઉપર જળ(પાણી) નો છંટકાવ કરવો અને ત્રણ વખત જમણા હાથની હથેળીમાં પાણી લઇને પી જવું. પછી પોતાના કપાળ ઉપર કંકુનું તિલક કરવું અને જમણા હાથે નાડાછડી બાંધવી. ત્યારબાદ હાથમાં પુષ્પ(ફૂલ) લઇને કુળદેવી અને ભગવાન શ્રી ગણેશને વંદન કરવા અને પુષ્પ ભગવાન શ્રી ગણેશના ચરણોમાં અર્પણ કરી દેવા. ત્યારબાદ નમસ્કાર કરીને દીવાને પગે લાગવું. ત્યારબાદ બે દાણા ચોખા ભગવાન શ્રી ગણેશ ઉપર ચઢાવવા અને ફરી હાથમાં પુષ્પ રાખીને માતા શ્રી શુભલક્ષ્મીદેવી અને માતા શ્રી શારદાદેવી(ચોપડા)ને વંદન કરવા અને પુષ્પ માતાજીના ચરણોમાં અર્પણ કરી દેવા અને બે દાણા ચોખા ચઢાવવા. એ પછી ભગવાન શ્રી ગણેશ અને માતાશ્રી શુભલક્ષ્મીદેવીને થાળીમાં લેવા, પછી ત્રણ-ત્રણ ચમચી પાણી અને પાંચ-પાંચ ચમચી પંચામૃત ચઢાવવું ત્યારબાદ એક પુષ્પ ભગવાનની ઉપર (થાળીમાં) ચઢાવીને નમસ્કાર કરવા અને પછી કળશ લઇને બધા દેવો ઉપર જળની ધારા કરવી અને મનમાં "॥ ઉઁ ત્રબસ્ચ લક્ષ્મીકુબેર નમો નમઃ ॥" નો ૩૬ વખત જાપ કરીને બધા દેવોને વારાફરતી સ્નાન કરાવીને સ્વચ્છ વસ્ત્ર(કપડાં) દ્વારા લૂછીને પાછા સ્થાપનમાં મુકવા. ત્યારબાદ એક ફૂલમાં અત્તર લઇને ભગાવાન શ્રી ગણેશ અને માતા શ્રી શુભલક્ષ્મીદેવીને ચઢાવવું. પછી ચંદન અને કંકુના તિલક કરીને પુષ્પ ચઢાવી ચોખા ચઢાવવા. ત્યારબાદ લાલ પેનને પાંચ ચાંલ્લા કરવા અને પછી ચોપડામાં પાંચ પરમેશ્વરના નામ લખી ચોપડા માતા શ્રી શુભલક્ષ્મીદેવીના સ્થાપન પર મુકવા અને દરેક ચોપડાઓમાં એક-એક કપૂરી પાન, એના પર શેરડીનો ટુકડો અને કમળકાકડી, ચોળી, ચીભડાં અને બોર મુકવા પછી ભગવાનને વંદન કરીને એકવાર ઉઁઋષિ રચિત 'ઉઁકાર ચાલીસા' અને 'શ્રી નવદુર્ગા ચાલીસા' પાઠ કરવો.

મંત્રઃ ॥ ઉઁ લક્ષ્મીકુબેર વામ ત્રતા નમઃ ॥

ઉત્થાપનની રીત :- બીજા દિવસે સવારે ૭ થી ૧૦ માં ચોખા વધાવીને આ વિધિ (સ્થાપન) નું ઉત્થાપન કરવું.

નૂતન વર્ષમાં પેટી ખોલવા માટે મુહૂર્તવિધિ :




નૂતન વર્ષમાં પેઢી ખોલવા માટે મુહૂર્તવિધિ :

બેસતા વર્ષના દિવસે અથવા લાભપાંચમના દિવસે અથવા જ્યારે નવા વર્ષમાં પેઢીનું મુહૂર્ત કરો તે દિવસે સવારે મુહૂર્તના સમયે દુકાન કે ઓફિસની બહાર એક શ્રીફળ વધેરવું અને ચપટી કંકુ એના પર પધરાવવું. ત્યારબાદ નીચે આપેલો મંત્ર ૩૬ વખત બોલી દુકાન કે ઓફિસનું તાળું ખોલવું.

મંત્રઃ ॥ ઉઁ શુભાંશુ મહાલક્ષ્મીદેવી નમો નમઃ ॥

॥ ઉઁ નમઃ ॥



ભગવાન દત્તાત્રેયની કૃપા અને દિવ્યદર્શન પ્રાપ્ત કરવા માટેની ચમત્કારિક મંત્રસાધના

ભગવાન દત્તાત્રેયની જયંતી માર્ગશીર્ષ મહિનામાં પૂનમના દિવસે ઉજવવામાં આવે છે. દત્તાત્રેયમાં ઈશ્વર અને ગુરૂ બંન્ને રૂપ સમાહિત છે. તેથી તેમને પરબ્રહ્મમૂર્તિ સદ્‌ગુરૂ અને શ્રી ગુરૂદેવાત્ત પણ કહેવામાં આવે છે. તેમને ગુરૂ વંશના પ્રથમ ગુરૂ, યોગી માનવામાં આવે છે. બ્રહ્માજીના માનસપુત્ર મહર્ષિ અત્રિ તેમના પિતા અને કર્દમ ઋષિની કન્યા અને સાંખ્યશાસ્ત્રના પ્રવક્તા કપિલદેવની બહેન સતી અનસૂયા તેમની માતા હતી.

હિન્દુ ધર્મના ત્રિદેવ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની પ્રચલિત વિચારધારાના વિલય માટે જ ભગવાન દત્તાત્રેયે જન્મ લીધો હતો. તેથી તેમને ત્રિદેવનું સ્વરૂપ પણ કહેવામાં આવે છે.

ભગવાન દત્તાત્રેયના પ્રાગટ્યની વાત કંઈક અનોખી છે. સાત મહાસતીમાં સ્થાન પામેલાં માતા અનસૂયાના દર્શનાર્થે ખુદ દેવો પણ આવતા અને સર્વલોકમાં તેમના ગુણગાન ગવાતા. તેથી ઈર્ષાથી પ્રેરાઈને બ્રહ્માણી, લક્ષ્મીજી અને રુદ્રાણીએ બ્રહ્માજી, વિષ્ણુ અને મહેશને તેમની પરીક્ષા લેવા મજબુર કર્યા. આમ ત્રણે દેવો બ્રહ્મચારીનું રૂપ ધારણ કરીને અનસૂયા માતા પાસે આવ્યા. એ સમયે ઋષિ અત્રિ તપસ્યામાં લીન હતા અને માતા પાસે નગ્નાવસ્થામાં ભિક્ષાની માંગણી કરી. ભિક્ષુકને ખાલી હાથે પાછા ન મોકલવાની સંસ્કૃતિને કારણે માતા અનસૂયાએ

॥ ૐ નમઃ ॥

પોતાના પતિવ્રતાને આહ્‌વાન આપી આ ત્રણે દેવોને બાળસ્વરૂપમાં ફેરવી દીધા. માતાએ ત્રણે બાળકને પારણામાં પધરાવી દીધાં.

આ બાજુ ત્રણે દેવીઓ પોતાના પતિઓ માટે ચિંતીત થવા લાગી. ત્યારે નારદે તેઓને સમાચાર આપ્યા કે ત્રણે દેવતાઓ બાળક બનીને માતા અનસૂયાને પારણે ઝૂલે છે. ત્યારે ત્રણે દેવીઓએ માતા અનસૂયાની માફી માંગતા પોતાના પતિદેવોની માંગણી કરી. માતાએ તેમને બાળસ્વરૂપમાં તેમના પતિઓને લઈ જવા કહ્યું. પોતાના પતિની ઓળખાણ ન પડતા દેવીઓની વિનંતીથી માતા અનસૂયાએ ત્રણે દેવતાઓને પૂર્વવત સ્થિતિમાં લાવ્યા અને વરદાનરૂપે ત્રણે દેવતાઓને પોતાના પુત્ર સ્વરૂપે માંગ્યા. આમ ત્રણે દેવો 'આદ્યગુરૂ દત્તાત્રેય ભગવાન' સ્વરૂપે પ્રગટ થયા.

ભગવાન દત્તાત્રેયે તેમના જીવનમાં અનેક લોકો પાસેથી શિક્ષા લીધી. ભગવાન દત્તાત્રેયે અન્ય પશુઓના જીવન અને તેમના કાર્યકલાપો સાથે પણ શિક્ષા ગ્રહણ કરી. ભગવાન દત્તાત્રેયે જેની પાસેથી જેટલા ગુણ મેળવ્યા તેમને તેમના ગુણોને પ્રદાતા માનીને તેમને પોતાના ગુરૂ માન્યા. આ રીતે ૨૪ ગુરૂ બનાવેલ. પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ, ચંદ્રમા, સૂર્ય, કપોત, અજગર, સિંધુ, પતંગ, ભ્રમર, મધુમાખી, ગજ, મૃગ, મીન, પિંગલા, કુરર પક્ષી, બાળક, કુમારી, સર્પ, શરકૃત, મકડી અને ભૃંગી. પુરાણો મુજબ ભગવાન દત્તાત્રેય ત્રણ મોઢા, છ હાથવાળા ત્રિદેવમય સ્વરૂપ છે. ઔદુંબર વૃક્ષની નિકટ તેમનું નિવાસ બતાવવામાં આવ્યું છે. વિવિધ મઠ, આશ્રમ અને મંદિરોમાં તેમના આ જ સ્વરૂપના દર્શન થાય છે.

હવે હું અહીં આપને ભગવાન દત્તાત્રેયની કૃપા અને સાક્ષાત્કાર માટેની ચમત્કારિક મંત્રસાધના આપું છું.

મંત્ર : ॥ ૐ દત્તાત્રેય પ્રાગટ્ય ત્રતા નમઃ ॥

ઉપર આપેલ મંત્ર ૧,૦૮,૦૦૦ (એક લાખ આઠ હજાર) વખત કરી સિદ્ધ કરવો. આ મંત્ર એક વર્ષમાં ૧,૦૮,૦૦૦ (એક લાખ આઠ હજાર) વખત કરીને સિદ્ધ કરવાનો છે. આ મંત્રસાધના કોઈપણ સમયે કરી શકાય. આમ આ રીતે આ મંત્રસાધના શ્રદ્ધાપૂર્વક કરવાથી આપની અધૂરી ઈચ્છા ચોક્કસ ફળીભૂત થશે તેમજ ભગવાન દત્તાત્રેયની કૃપા અને સાક્ષાત્કારની પ્રાપ્તિ થશે.

★★★

પૃથ્વીલોકથી મોક્ષલોક અને ઈન્દ્રલોક સુધી લઈ જનાર ક્રિયા એટલે

ૐકાર ત્રિત્રાંશ ક્રિયાયોગ

આપની તકલીફો માંથી મુક્ત થવા માટે આજે જ આ ક્રિયા યોગ માં જોડાઓ



ૐકાર ત્રિત્રાંશ ક્રિયાયોગમાં જોડાનાર સાધકને આપવામાં આવનાર શાસ્ત્રોક્ત સિદ્ધ સાધન

(૧) ૐકાર મેરુશક્તિ પૃષ્ઠ	(૨) ૐકાર ત્રિશક્તિ ક્રિયાયોગ ચક્ર	(૩) ૐકાર શુભલક્ષ્મી ક્રિયાયોગ ચક્ર
(૪) ૐકાર કુંડલિની ક્રિયાયોગ ચક્ર	(૫) ૐકાર શક્તિ ચક્ર	(૬) ૐકાર ત્રિત્રાંશ ચક્ર

ઈશ્વરીય શક્તિ અને ઊર્જાથી સિદ્ધ કરવામાં આવેલા ચક્રનો ઉપયોગ આપ સાધકોએ કેવી રીતે કરવો એ ક્રિયાયોગમાં શીખવાડવામાં આવશે.

સંપર્ક સૂત્રઃ 9537220959, 9429208997

॥ ૐ નમઃ ॥

સદ્‌ગુરુ ૐઋષિ રચિત પવિત્ર શબ્દોથી આ મહિનાના રોજેરોજના કાર્યમાં સફળતાની ગુરૂચાવી

તારીખ	વાર	પવિત્ર શબ્દ	તારીખ	વાર	પવિત્ર શબ્દ
૨૧-૧૦-૨૦૨૬	બુધવાર	ૐ લક્ષ્મીધનકુબેર	૦૬-૧૧-૨૦૨૬	શુક્રવાર	ૐ ધનતાતી
૨૨-૧૦-૨૦૨૬	ગુરુવાર	ૐ વામલક્ષ્મીદેવી	૦૭-૧૧-૨૦૨૬	શનિવાર	ૐ સિધ્ધત્વ
૨૩-૧૦-૨૦૨૬	શુક્રવાર	ૐ સિધ્ધાલક્ષ્મીદેવી	૦૮-૧૧-૨૦૨૬	રવિવાર	ૐ રાહુદેવાય
૨૪-૧૦-૨૦૨૬	શનિવાર	ૐ ગજલક્ષ્મીદેવી	૦૯-૧૧-૨૦૨૬	સોમવાર	ૐ કેતુદેવાય
૨૫-૧૦-૨૦૨૬	રવિવાર	ૐ કુબેરદેવાય	૧૦-૧૧-૨૦૨૬	મંગળવાર	ૐ સૂર્યદેવાય
૨૬-૧૦-૨૦૨૬	સોમવાર	ૐ સૂર્યવિદન્ત્યદેવ	૧૧-૧૧-૨૦૨૬	બુધવાર	ૐ ચંદ્રદેવાય
૨૭-૧૦-૨૦૨૬	મંગળવાર	ૐ શ્રી ક્ષેત્રપાળવીર	૧૨-૧૧-૨૦૨૬	ગુરુવાર	ૐ શનિદેવાય
૨૮-૧૦-૨૦૨૬	બુધવાર	ૐ બગલામુખીદેવી	૧૩-૧૧-૨૦૨૬	શુક્રવાર	ૐ મંગલદેવાય
૨૯-૧૦-૨૦૨૬	ગુરુવાર	ૐ માતંગીદેવી	૧૪-૧૧-૨૦૨૬	શનિવાર	ૐ શુક્રદેવાય
૩૦-૧૦-૨૦૨૬	શુક્રવાર	ૐ છિન્નમસ્તાદેવી	૧૫-૧૧-૨૦૨૬	રવિવાર	ૐ બુધદેવાય
૩૧-૧૦-૨૦૨૬	શનિવાર	ૐ ષોડશીદેવી	૧૬-૧૧-૨૦૨૬	સોમવાર	ૐ ગુરુદેવાય
૦૧-૧૧-૨૦૨૬	રવિવાર	ૐ કમલાદેવી	૧૭-૧૧-૨૦૨૬	મંગળવાર	ૐ વજામુતા
૦૨-૧૧-૨૦૨૬	સોમવાર	ૐ ત્રિપુરાસુંદરીદેવી	૧૮-૧૧-૨૦૨૬	બુધવાર	ૐ ધનદા
૦૩-૧૧-૨૦૨૬	મંગળવાર	ૐ મહાકાલીદેવી	૧૯-૧૧-૨૦૨૬	ગુરુવાર	ૐ સૂર્યકાંત
૦૪-૧૧-૨૦૨૬	બુધવાર	ૐ તારાદેવી	૨૦-૧૧-૨૦૨૬	શુક્રવાર	ૐ નવકાંત
૦૫-૧૧-૨૦૨૬	ગુરુવાર	ૐ ભુવનેશ્વરીદેવી			

॥ ૐ નમઃ ॥

મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીની પાવન નિશ્રામાં યોજાયેલ

સૂર્ય-ચંદ્ર પૂનમ મહાદર્શન

દર મહિને પરમ પૂજ્ય ગુરુજીના સૂર્ય-ચંદ્ર પૂનમ મહાદર્શનનો સેંકડો ભક્તો લાભ લેતા હોય છે. તારીખ-૨૭-૯-૨૦૨૬ના રોજ અન્નપૂર્ણા હોલ પાલડી ખાતે પરમ પૂજ્ય ગુરુજીના સૂર્ય-ચંદ્ર પૂનમ મહાદર્શનનો લાભ લેતા ભક્તોની સવિશેષ ઝલક અહીં આપવામાં આવેલ છે. જેથી જે ભક્તો આ મહાદર्शનનો લાભ લઈ શક્યા નથી તેઓને સૂર્ય-ચંદ્ર અને પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદ અને ઊર્જાનો લાભ મળી શકે.







॥ ૐ નમઃ ॥


धर्म
पुनःउत्थारक
Dt: 27-9-2026


धर्म
पुनःउत्थारक
Dt: 27-9-2026

















ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ

દ્વારા મનોદિવ્યાંગ બાળકો માટે આયોજીત

સ્વતંત્રતા દિવસની ઉજવણી


ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા તારીખ - ૧૫ ઓગષ્ટ, ૨૦૨૬ના રોજ અન્નપૂર્ણા હોલ, પાલડી, અમદાવાદ ખાતે સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવેલ. જેમાં ૨૦૦ થી વધુ મનોદિવ્યાંગ બાળકોએ ભાગ લીધેલ. સૌપ્રથમ ધ્વજવંદનના કાર્યક્રમથી શરૂઆત કરેલ. મનોદિવ્યાંગ બાળકોએ ત્રિરંગાને અનુરૂપ આકર્ષક પોશાક પહેર્યા હતા. બાળકોએ રાણી લક્ષ્મીબાઇ, શહીદ ભગતસિંહ, જવાહરલાલ નહેરુ અને લશ્કરી અધિકારીઓ જેવા દેશના પ્રતિષ્ઠિત વ્યક્તિઓના પોશાક પહેરીને પોતાની અનોખી દેશભક્તિ ભાવની રજૂ કરી હતી. સ્ટેજ પર તેમની હાજરીએ કાર્યક્રમની સુંદરતા જ નહીં પરંતુ ઉપસ્થિત લોકોને પ્રેરણાદાયક સંદેશ પણ આપેલ. ફેન્સી ડ્રેસ સ્પર્ધા પછી બાળકોએ સ્વતંત્રતા વિશે દેશભક્તિના ગીતો રજૂ કરેલ. આ કાર્યક્રમના દિવ્ય ક્ષણોની સવિશેષ પાવન ઝલક અહીં રજૂ કરેલ છે.





















RAZIJA SULTAN

JHANSI KI RANI



Omkar Foundat
for Intellectu

SAROJINI NAIDU

for Intellectual Di
Organised

IND
C

MILITARY OFFICER

ION

CELEB ATION
Date : 15

Organised

Omkar Foundation Trust (NGO)
for Intellectual Disabled
Organised


Omkar Foundation Trus
for Intellectual Disable
Organised

Foundation Trust (NGO
for Intellectual Disabled
Organised

kar Foundation Trust (NGO)
for Intellectual Disabled
Organised
DEPENDENCE DAY
CELEBRATION
Date : 15/08/2026,

dation Trust (NGO)
llectual Disabled
Organised

INDIRA GHANDHI
JAWAHARLAL NEHRU


OMKAR FOUNDATION
CERTIFICATE OF AP
OMKAR FOUNDAT
CERTIFICATE O
OMKAR FOUNDATION TRUST (NGO)
CERTIFICATE OF APPRECIATION


શ્રી ક્ષેત્રપાલ રક્ષા ચક્રના સાક્ષાત્કાર માટે ચમત્કારિક મંત્રગુરુચાવી

પરમ પૂજ્ય ગુરુજી દ્વારા સિદ્ધ દિવ્ય મંત્ર :
॥ ૐ ક્ષેત્રપાલીતા સિદ્ધમ નમઃ ॥

સૌપ્રથમ એક વાટકીમાં થોડું પાણી લઇ તેમાં જમણા હાથની અનામિકા આંગળી રાખી ઉપરોક્ત મંત્ર ત્રણ વખત કરી એક વાર ૐકાર ચાલીસાનો પાઠ કરવો.
ત્યારબાદ અભિમંત્રિત થયેલ જળ પી જવું.

ભગવાન શ્રી બુદ્ધના સાક્ષાત્કાર માટે ચમત્કારિક મંત્રગુરુચાવી

પરમ પૂજ્ય ગુરુજી દ્વારા સિદ્ધ દિવ્ય મંત્ર :
॥ ૐ શ્રી બુદ્ધાય નમામિ નમઃ ॥

સૌપ્રથમ એક વાટકીમાં થોડું પાણી લઇ તેમાં જમણા હાથની અનામિકા આંગળી રાખી ઉપરોક્ત મંત્ર ત્રણ વખત કરી એક વાર ૐકાર ચાલીસાનો પાઠ કરવો.
ત્યારબાદ અભિમંત્રિત થયેલ જળ પી જવું.

ભગવાન શ્રી ગણેશજીના સાક્ષાત્કાર માટે ચમત્કારિક મંત્રગુરુચાવી

પરમ પૂજ્ય ગુરુજી દ્વારા સિદ્ધ દિવ્ય મંત્ર :
॥ ૐ શ્રી ગણેશાય ત્રીવા રક્ષા નમઃ ॥

સૌપ્રથમ એક વાટકીમાં થોડું પાણી લઇ તેમાં જમણા હાથની અનામિકા આંગળી રાખી ઉપરોક્ત મંત્ર ત્રણ વખત કરી એક વાર ૐકાર ચાલીસાનો પાઠ કરવો.
ત્યારબાદ અભિમંત્રિત થયેલ જળ પી જવું.

જલારામબાપાના સાક્ષાત્કાર માટે ચમત્કારિક મંત્રગુરુચાવી

પરમ પૂજ્ય ગુરુજી દ્વારા સિદ્ધ દિવ્ય મંત્ર :
॥ ૐ જલિયા સવિતાતી નમઃ ॥

સૌપ્રથમ એક વાટકીમાં થોડું પાણી લઇ તેમાં જમણા હાથની અનામિકા આંગળી રાખી ઉપરોક્ત મંત્ર ત્રણ વખત કરી એક વાર ૐકાર ચાલીસાનો પાઠ કરવો. ત્યારબાદ અભિમંત્રિત થયેલ જળ પી જવું.

સંતશ્રી રંગઅવધૂતજી મહારાજના સાક્ષાત્કાર માટે ચમત્કારિક મંત્રગુરુચાવી

પરમ પૂજ્ય ગુરુજી દ્વારા સિદ્ધ દિવ્ય મંત્ર :
॥ ૐ રંગઅવધૂતાય વાદીય નમઃ ॥

સૌપ્રથમ એક વાટકીમાં થોડું પાણી લઇ તેમાં જમણા હાથની અનામિકા આંગળી રાખી ઉપરોક્ત મંત્ર ત્રણ વખત કરી એક વાર ૐકાર ચાલીસાનો પાઠ કરવો. ત્યારબાદ અભિમંત્રિત થયેલ જળ પી જવું.

શ્રી સાંઇબાબાના સાક્ષાત્કાર માટે ચમત્કારિક મંત્રગુરુચાવી

પરમ પૂજ્ય ગુરુજી દ્વારા સિદ્ધ દિવ્ય મંત્ર :
॥ ૐ સાંઇ સાવલિતા સૂર્યમ્ નમો નમઃ ॥

સૌપ્રથમ એક વાટકીમાં થોડું પાણી લઇ તેમાં જમણા હાથની અનામિકા આંગળી રાખી ઉપરોક્ત મંત્ર ત્રણ વખત કરી એક વાર ૐકાર ચાલીસાનો પાઠ કરવો. ત્યારબાદ અભિમંત્રિત થયેલ જળ પી જવું.

શ્રી સૂર્યનારાયણ ભગવાનના સાક્ષાત્કાર માટે ચમત્કારિક મંત્રગુરુચાવી

પરમ પૂજ્ય ગુરુજી દ્વારા સિદ્ધ દિવ્ય મંત્ર :
॥ ૐ સૂર્યાય નમઃ ॥

સૌપ્રથમ એક વાટકીમાં થોડું પાણી લઇ તેમાં જમણા હાથની અનામિકા આંગળી રાખી ઉપરોક્ત મંત્ર ત્રણ વખત કરી એક વાર ૐકાર ચાલીસાનો પાઠ કરવો.
ત્યારબાદ અભિમંત્રિત થયેલ જળ પી જવું.

દત્તાત્રેય ભગવાનના સાક્ષાત્કાર માટે ચમત્કારિક મંત્રગુરુચાવી

પરમ પૂજ્ય ગુરુજી દ્વારા સિદ્ધ દિવ્ય મંત્ર :
॥ ૐ દત્તાત્રેય નમઃ ॥

સૌપ્રથમ એક વાટકીમાં થોડું પાણી લઇ તેમાં જમણા હાથની અનામિકા આંગળી રાખી ઉપરોક્ત મંત્ર ત્રણ વખત કરી એક વાર ૐકાર ચાલીસાનો પાઠ કરવો.
ત્યારબાદ અભિમંત્રિત થયેલ જળ પી જવું.

ભગવાનશ્રી દ્વારકાધીશજીના સાક્ષાત્કાર માટે ચમત્કારિક મંત્રગુરુચાવી

પરમ પૂજ્ય ગુરુજી દ્વારા સિદ્ધ દિવ્ય મંત્ર :
॥ ૐ કૃષ્ણમામ્ કૃષ્ણમામ્ નમઃ ॥

સૌપ્રથમ એક વાટકીમાં થોડું પાણી લઇ તેમાં જમણા હાથની અનામિકા આંગળી રાખી ઉપરોક્ત મંત્ર ત્રણ વખત કરી એક વાર ૐકાર ચાલીસાનો પાઠ કરવો.
ત્યારબાદ અભિમંત્રિત થયેલ જળ પી જવું.

॥ ૐ નમઃ ॥

માનવસેવાના ઉમદા કાર્યમાં સતત પ્રયત્નશીલ અને પ્રેરણાદાયક

સેવા ધર્મ ફાઉન્ડેશન

(મેનેજીંગ ટ્રસ્ટી પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ઉૅંઋષિ સ્વામી) અને

રેડીઅન્ટ ઓર્થોપેડીક હોસ્પિટલ (ડૉ. હર્ષિલભાઇ શાહ)

ના સંયુક્ત સહયોગથી

૭૫ વર્ષની ઉંમર ધરાવતા **મણીબેન પ્રજાપતિ** નામના પેશન્ટનું

Bilateral Knee Replacement ઓપરેશન કરવામાં આવ્યું.



પ્રોફેશનલ વ્યક્તિઓ માટે, છૂટક વસ્તુના વેપારી માટે, ઉત્પાદક માટે, જથ્થાબંધ માલના વેપારી માટે, નોકરિયાત માટે અને વિદ્યાર્થી માટે

પ્રોફેશનલ વ્યક્તિઓ માટે :

આ મહિના દરમિયાન લાલ વસ્ત્રમાં મગના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી જ્યારે કામ માટે કે ઓફિસ જાઓ ત્યારે ખિસ્સામાં રાખીને જવું અને એકવાર ઉઁઋષિ રચિત ઉઁકાર ચાલીસાનો પાઠ કરીને જવું. આ પ્રક્રિયાથી આપના કાર્યમાં વિઘ્ન આવશે નહિ અને કાર્ય સફળ થશે.

છૂટક વસ્તુના વેપારી માટે :

રીટેલરનો ધંધો કરતા વ્યક્તિઓએ આ મહિને સફેદ વસ્ત્રમાં ઘઉંના ચાર દાણાઅને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં મુકી રાખવું અને રોજ એકવાર ઉઁઋષિ રચિત ઉઁકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપના ધંધામાં ચમત્કારિક ફાયદો થશે.

ઉત્પાદક માટે :

ઉત્પાદનના કાર્ય સાથે સંકળાયેલ વ્યક્તિઓએ આ મહિને લીલા વસ્ત્રમાં ઘઉંના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી કેશ કાઉન્ટરમાં મુકી દેવી અને રોજ એકવાર ઉઁઋષિ રચિત ઉઁકાર ચાલીસાનો પાઠ કરવો. આ પોટલી બદલવાની નથી. આખો મહિનો એ જ જગ્યાએ રાખવાની છે. જેનાથી આપના ઉત્પાદનનાં કાર્યમાં સફળતા મળશે અને ધંધામાં ચમત્કારિક પ્રગતિ થશે.

જથ્થાબંધ માલના વેપારી માટે :

હોલસેલના ધંધા સાથે સંકળાયેલા વ્યક્તિઓએ આ મહિના દરમ્યાન વાદળી વસ્ત્રમાં ચોખાના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં અથવા તો પોતાના ખિસ્સામાં રાખવી અને રોજ એકવાર ઉઁઋષિ રચિત ઉઁકાર ચાલીસાનો પાઠ કરવો. આમ આ પ્રક્રિયા નિયમિત કરવાથી આપના હોલસેલનાં ધંધામાં વધારો થશે.

નોકરિયાત માટે :

નોકરી કરતા વ્યક્તિઓએ સફેદ વસ્ત્રમાં ચોખાના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી જ્યારે નોકરીએ જાઓ ત્યારે એ પોતાની ઓફિસ બેગમાં અથવા ઓફિસના ખાનામાં રાખવું અને રોજ એકવાર ઉઁઋષિ રચિત ઉઁકાર ચાલીસાનો પાઠ કરવો. મહિના સુધી આ જ પોટલી રાખવાની છે, રોજ નવી બનાવવાની નથી. આ પ્રક્રિયાથી નોકરીમાં આપના ઇચ્છિત કાર્યની સિદ્ધિ થશે.

વિદ્યાર્થી માટે :

વિદ્યાર્થીઓએ કેસરી વસ્ત્રમાં કઠોળ વાલના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી પોતાના ભણવાની બેગમાં અથવા તો દફ્તરમાં આ મહિના દરમ્યાન રાખી મુકવી અને રોજ એકવાર ઉઁઋષિ રચિત ઉઁકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપનું ભણવામાં ધ્યાન કેન્દ્રિત થશે અને સફળતાની પ્રાપ્તિ થશે.

ઉપર આપેલ પ્રક્રિયા દરેક જણે ૩૦ દિવસ સુધી નિયમિત કરવી. ૩૦ દિવસ પછી નવા અંકમાં નવી પ્રક્રિયા આપવામાં આવશે. પછી એ નવી પ્રક્રિયા ચાલુ કરવી અને જૂની પ્રક્રિયા બંધ કરી દેવી. આ રીતે બાર મહિના સુધી અલગ-અલગ પ્રક્રિયા કરવાથી આપના કાર્યને વધુ ઝડપ મળશે તથા નામના, માન, કીર્તિ અને પ્રતિષ્ઠામાં વધારો થશે.

✦ ખાસ નોંધ ✦

જે પ્રક્રિયાથી આપને સફળતા મળે એ પ્રક્રિયા કાયમ ચાલુ રાખી શકાય અને જોડે નવી પ્રક્રિયા પણ કરી શકાય.

॥ ઉઁ નમઃ ॥

પ.પૂ.ગુરુજીની દિવ્ય કૃપાથી ચમત્કાર થયો.

હું છેલ્લા છ વર્ષથી અલગ અલગ વ્યક્તિઓના એકાઉન્ટ લખી રહ્યો હતો. પરંતું મારી આર્થિક આવકમાં કોઇ વધારો થતો ન હતો. હું 2025 મે મહિનામાં ગુરુજીને મળ્યો. પ. પૂ. ગુરુજીએ મને કીધું કે **વાદત પ્રિમાલ્ય દોષ** છે. એના કારણે આર્થિક ઉન્નતિ પ્રગતિમાં અવરોધ આવે છે. પ. પૂ. ગુરુજીએ તેમણે રચિત કરેલ **દિવ્ય મંત્ર ।। ઉઁ વાદમ વાદમ મુક્તિતા નમઃ ।।** આપ્યો. આ મંત્ર હું નિયમિત રીતે એક માળા કરતો હતો. અને ઉઁકાર ચાલીસા 3 વખત કરતો હતો. 2026ની શરુઆતમાં મને એકાઉન્ટમાં હું જે લોકોનાં કામ કરતો હતો. તેમની જોડે મેં આર્થિક માંગણી કરી તો એ લોકોએ મંજૂર કરી આ સિવાય પણ વર્ષોથી વિખવાદમાં પડેલી અમારી જમીન વેચાઇ એમાંથી પણ સારી એવી રકમ મળી જેના કારણે હું અમદાવાદના બોપલ વિસ્તારમાં ઘર લઇ શક્યો. અને વર્ષોથી ભાડાના ઘરમાંથી પોતાના ઘરમાં હું ગયો. હું અને મારી પત્ની નમીતા ખૂબજ ખુશ છીએ. પ. પૂ. ગુરુજીના પૂર્ણ આશિષ અમારા પર વરસ્યા છે.

લિ.
આશિષ, નમીતા - અમદાવાદ

ગુરુજીએ જીવનમાં બદલાવ કર્યો.

હું છેલ્લા ચાર વર્ષથી ખૂબજ ડિપ્રેશનમાં રહેતી હતી. મારું મન સતત આપઘાત કરવાનો વિચાર કરતું હતું, સુસાઇડ કરવાનો મારો સ્વભાવ થઇ રહ્યો છે. એવું હું મારા પતિને વારંવાર કહેતી હતી. મારા ઘરની સામે રહેતા દિપીકાબેને મને પ. પૂ. ગુરુજીને મળવા માટેની સલાહ આપી. હું અને મારા પતિ પ. પૂ. ગુરુજીને મળવા માટે આશ્રમ પર ગયા ગુરુજીએ મારી મુખ મુદ્રા અને ઓરા જોઇ અને કહ્યું કે **'ત્રકલ દોષ'** ના કારણે તમને આપઘાતના વિચારો આવે છે. અને આ દોષજ તમને માનસિક રીતે અસ્થિર કરી રહ્યો છે. દિન પ્રતિદિન કથળતી મારી પરિસ્થિતિમાં મેં એકજ મક્કમ નિર્ધાર કર્યો કે હું ગુરુજીએ આપેલો મંત્ર અને ઉઁકાર ચાલીસા તેમજ નવદુર્ગા ચાલીસા નિયમિત રીતે કરીશ. એમને આપેલો મંત્ર નિયમિત રીતે મેં રાત્રે 9 થી 11માં કરવાનો

શરુ કર્યો. જેના કારણે આપઘાત કરવાના વિચારો, નકારાત્મક વિચારો અને આસપાસ નેગેટીવ ઊર્જા નો જે સતત અનુભવ થતો હતો તેમાંથી મને મુક્તિ મળી. અને મને ખુબજ લાભ થયો છે. સમાજમાં અલગ અલગ પ્રકારના જે માણસો હોય તે કઈક ને કઈક આપણને કહી જતા હોય અને તેનું દુઃખ મારા મનમાં ખૂબ લગાડીને બેસતી હતી. વર્ષોજૂની વાતો પણ હું વારંવાર રીપીટ કરતી હતી. પરંતું છેલ્લા છ મહિનામાં સંપૂર્ણપણે આ પરિસ્થિતિમાંથી બહાર આવી ગઇ છું. જો કદાચ ગુરુજી ના મળ્યા હોત તો મે આત્મહત્યા કરી દીધી હોત એમાં કોઇ શંકા નથી.

।। ૐ ત્રકલ મુક્તિતા ત્રત્રા નમઃ ।।

(રોજ એકમાળા અને ઓમકાર ચાલીસા એકવાર)

લિ.
શિવાની , વડોદરા

આર્થિક રીતે પ્રગતિ થવા લાગી

હું જાન્યુઆરી 2025માં પ.પૂ. ગુરુજીને મળ્યો હતો. હું કોલ્હાપુરમાં રહું છું. અને શેરડીનાં ધંધા સાથે સંકળાયેલો છું. શેરબજારમાં સોદા કરવાની મારી પધ્ધતિના કારણે મને બહુજ મોટું નુકશાન થયુ હતું અને જેની અસર મારા ધંધા પર આવી રહી હતી. પ. પૂ. ગુરુજીને હું જ્યારે મળ્યો ત્યારે તેમણે મારી મુખ મુદ્રા અને ઓરા જોઈને એવુ કહ્યું હતું કે **'ત્રુકાલિતા દોષ'** છે. જે વારંવાર મને સટ્ટો કરવા માટે પ્રેરીત કરે છે. અને હું નુકશાન કરતો રહું છું. એમણે મને શેરબજાર કરવાની સલાહ આપી અને કહ્યું કે ગુરુવાર અને શુક્રવારે જ માત્ર કામ કરવાનું એ સિવાયના દિવસોમાં શેરબજારમાં કામ કરવું નહિ કે સોના ચાંદીમાં કામ કરવુ નહિ ત્યારબાદ ગુરુવાર ને શુક્રવાર કામ કરતો રહ્યો અને એ વખતે મને સફળતા મળતી રહી મારો શેરડી સાથે સંકળાયેલો ધંધો જેના ઉપર આર્થિક અસર પડી હતી તેનો પણ રસ્તો નિકળતો ગયો એ ધંધો પણ ફરીવાર દોડતો થયો. મારા અમુક રુપિયા જે હજી શેરબજાર માં ફસાયેલા છે તે નિકળી જાય ત્યારબાદ હું માત્ર ને માત્ર મારા ધંધા ઉપર જ ધ્યાન આપીશ એવુ મે પ. પૂ. ગુરુજીને વચન આપ્યું છે. અને હું મારુ વચન નિભાવીશ ગુરુજી પાસેથી મને એ વાત સમજવા મળી કે જે વાત

ખરેખર જળમૂળથી યોગ્ય હોય એ જ કરવાની ગુરુજી સલાહ આપે છે ઘણીવાર ગુરુજી તમને એક ભગવાન સ્વરૂપે દેખાય જે મારો અનુભવ છે એ પ્રમાણે કહુ તો ગુરુજી મને ભગવાન સ્વરુપે દેખાય ઘણીવાર એવા ડોકટર દેખાય તમારા જીવનમાં તેમની ચિકિત્સા કરે છે. ઘણીવાર ગુરુજીના તમને એક સારા કાઉન્સીલર દેખાય, ગુરુજીના વિવિધરૂપ છે પ.પૂ. ગુરુજી ઘણીવાર મને સ્વપ્નામાં આવીને આપેલા સંકેતો સાચા પડયા છે. હું માનુ છું કે જ્યારે કોઈ સંત ધરતીપર હોય એ વખતે આપણે એની કદર કરતા નથી. અને જ્યારે તે સંત ધરતી પર ના હોય તેના 40-50 વર્ષ પછી એમના પર મંદિરો બનાવીએ છીએ તેમની જીવનગાથા ના પ્રસંગો ગાઈએ છીએ. પરંતું જ્યારે તેમની હાજરી હોય ત્યારે જે રીતે તેમને સન્માનિત કરવા જોઈએ એ નથી જ કરી શકતા એવું મને લાગે છે.

લિ.
પ્રતિક પંચોલકર, કોલ્હાપુર

શારીરીક અને માનસિક મંત્ર શક્તિપાતથી ચમત્કાર થયો

હું છેલ્લા 20 વર્ષથી શારિરિક પીડાઓથી ગ્રસિત હતી. ખૂબજ દવાઓ કરી પરંતું શારિરિક પીડાઓ શરીરમાંથી જતી નહતી. મારી બહેનના કહેવાથી પ.પૂ. ગુરુજીના આશીર્વાદ લેવા માટે હું આશ્રમમાં ગઈ હતી. હું પોતે ચુસ્ત સ્વામિનારાયણ ધર્મમાં માનુ છું. પરંતું ગુરુજીએ કહ્યું કે **“તમને જે મંત્ર આપેલ છે એને દવા તરીકે આપેલ છે તે જો નિયમિત રીતે કરશો અને એમને આપેલ મલમ નો ઉપયોગ કરશો તો શારીરીક રીતે તમે સંપૂર્ણ સ્વસ્થ્ય થતા જશો.”** સાચુ કહુ તો મેં ગુરુજીના મંત્રને દવાની જેમ કર્યા અને 3 મહિનામાં 20 વર્ષની મારી પીડા જળમૂળથી જતી રહી. ગુરુજીની એકવાત મને ખૂબ ગમી. તેમણે કીધું કે ધર્મ અને મંત્ર ચિકિત્સા બંને અલગ પ્રક્રિયા છે. તમે એક મંત્ર ડોકટર પાસે આવ્યા છો એમ સમજીને જો નિદાન કરાવવા માટે આવશો અને એ રીતે જ વાતને સમજશો તો જ તમને જીવનમાં ધર્મ અને મંત્ર ચિકિત્સાને અલગ રાખી શકશો. જો ધર્મ સાથે મંત્ર ચિકિત્સાને જોડી દેશો તો પછી લોકોને હોસ્પિટલમાં ઈલાજ કરવા ના જવું જોઈએ ધર્મના મંદિરમાં ઈલાજ કરાવવા માટે જવું જોઈએ. અને

ગુરુજીની વાત બહુ યોગ્ય છે કે દવા કરવી હોયતો ડોકટર પાસે જ જવુ પડે અને આત્મા ને મોક્ષની પ્રાપ્તિમાટે ભગવાનના શરણે જવું જોઈએ. શરીર નશ્વર છે છતાં પણ જ્યાં સુધી જીવીએ છીએ ત્યાં સુધી શરીર વગર ચાલવાનું નથી. એ વાત પણ ગુરુજીએ સમજાવી એમણે મારા મનમાં જે અવઢવ હતી તે દૂર કરી હતી.

।। ૐ વિતામી વિતામી મુક્તિતા નમઃ ।।

(રોજ એકમાળા અને ઓમકાર ચાલીસા એકવાર)

લિ.
સ્મિતાબેન, વડોદરા.

સદ્‌ગુરુ ઉઁઋષિ દ્વારા આ ચેનલ ઉપર દરેક પ્રશ્નોના સમાધાન માટે અલગ - અલગ મંત્ર પ્રશ્નોનાં સમાધાન માટે આપેલ છે, માટે આ ચેનલ અચૂક જોવી, સબસ્કાઇબ કરી બેલ આઇકન (ઘંટડી) ઉપર ક્લીક કરવું.



જગતગુરુ મંત્રયુગપરિવર્તક ઉઁકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ઉઁઋષિ સ્વામી

અમારા નવા વિડીયો મેળવવા માટે સબસ્કાઈબ કરો.

YouTube

સ્ટેપ- ૧ યૂ ટયૂબ ચેનલ પર કલીક કરો
સ્ટેપ- ૨ ટાઇપ કરો "SADGURU OMRUSHI"
સ્ટેપ- ૩ "SADGURU OMRUSHI" પર કલીક કરો
સ્ટેપ- ૪ SUBSCRIBE **બટન કલીક કરો અને Bell ની નિશાનીને દબાવો.**

સદ્‌ગુરુ ઉઁઋષિ દ્વારા રચિત રોજનો પવિત્ર શબ્દ નીચે આપેલ ચેનલ ઉપર આપ નિહાળી શકો છો.

આજીવિક ધર્મ
પુનઃ ઉત્થારક

ॐ®

ॐકાર સંપ્રદાય
(ધાર્મિક આધ્યાત્મિક પથ)

આપના જીવનના પ્રશ્નોનાં સમાધાન માટે

સૂર્ય-ચંદ્ર પૂનમ મહાદર્શન અને ૐકાર કષ્ટમુક્તિધ્યાન

(મનોકામના પૂર્તિ માટે 7 પૂનમ ભરવી)



તારીખ	વાર	સમય	મહાદર્શન
તા. 17-01-2027	રવિવાર	સવારે ૧૦ થી ૧૨.૩૦	ગુરુજી દર્શન
તા. 08-02-2027	સોમવાર	સાંજે ૫ થી ૮	ગુરુજી પ્રાગટ્યદિન દર્શન
તા. 14-03-2027	રવિવાર	સવારે ૧૦ થી ૧૨.૩૦	ગુરુજી દર્શન
તા. 18-04-2027	રવિવાર	સવારે ૧૦ થી ૧૨.૩૦	ગુરુજી દર્શન
તા. 16-05-2027	રવિવાર	સવારે ૧૦ થી ૧૨.૩૦	ગુરુજી દર્શન
તા. 20-06-2027	રવિવાર	સવારે ૧૦ થી ૧૨.૩૦	ગુરુજી દર્શન
તા. 18-07-2027	રવિવાર	સાંજે ૫ થી ૮	ગુરુપૂર્ણિમા દર્શન
તા. 15-08-2027	રવિવાર	સવારે ૧૦ થી ૧૨.૩૦	ગુરુજી દર્શન
તા. 12-09-2027	રવિવાર	સવારે ૧૦ થી ૧૨.૩૦	ગુરુજી દર્શન
તા. 10-10-2027	રવિવાર	સવારે ૧૦ થી ૧૨.૩૦	ગુરુજી દર્શન
તા. 14-11-2027	રવિવાર	સવારે ૧૦ થી ૧૨.૩૦	ગુરુજી દર્શન
તા. 12-12-2027	રવિવાર	સવારે ૧૦ થી ૧૨.૩૦	ગુરુજી દર્શન

સ્થળ: અન્નપૂર્ણા હોલ,

આંગી ફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ

ખાસ નોંધ:

ગુરુજીની પૂનમ ભરતા ભક્તોએ હવેથી ઉપર આપેલ
તારીખે પૂનમ દર્શનનો લાભ લેવાનો રહેશે.

જાહેર આમંત્રણ

"દર્શન માત્ર સે મિટે કષ્ટ"

ૐકાર સંપ્રદાયના આર્ષદૃષ્ટા અને સ્થાપક

જગતગુરુ મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮

।। ૐ નમઃ ।।

પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીના

।। ૐ નમઃ ।।

આપના જીવનના પ્રશ્નોનાં સમાધાન માટે

સૂર્ય-ચંદ્ર પૂનમ મહાદર્શન અને ૐકાર કષ્ટમુક્તિધ્યાન

આજીવિક

ધર્મ

પુનઃ ઉત્થારક



ૐકાર સંપ્રદાય
(ધાર્મિક આધ્યાત્મિક પથ)

શુભ તારીખ

25 ઓકટોબર, 2026
રવિવાર

શુભ સમય

સવારે 10 થી
બપોરે 12.30 કલાક સુધી

શુભ સ્થળ

અન્નપૂર્ણા હોલ,

આંગી ફલેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ

સંપર્ક સૂત્રઃ 9429208997

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

RNI GUJGUJ/2015/65690

Registered under Postal Registration No. AHD-C/64/2020-2022 valid up to 31st December-2022 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month' Date of Publication : 7th every month

Printed & Published by **KINJAL ASHOKKUMAR SHAH** on behalf of **'SEVA SAMARPAN FOUNDATION'** and Printed at Print Vision Pvt. Ltd., Print Vision House, Lane by jay Gujarat Fruit Center, Ambawadi Market, Ahmedabad - 380006 and published from 'Seva Samarpan Foundation', Gr. Floor, 001, Angi Flat, Opp. Annapurna Party Plot, New Vikas Gruh Road, Paldi, AHMEDABAD-380007. GUJARAT. Editor : **KINJAL ASHOKKUMAR SHAH**